# સ્વામી મુક્તાનંદની દિવ્ય દીક્ષા

*પોતાની આધ્યાત્મિક આત્મકથા, ‘ચિત્‌શક્તિ વિલાસ’ના દસમા પ્રકરણમાં, બાબા મુક્તાનંદ એ સવારનું વર્ણન કરે છે જ્યારે તેમના શ્રીગુરુ, ભગવાન નિત્યાનંદે તેમને દિવ્ય શક્તિપાત દીક્ષા પ્રદાન કરી હતી. બાબાજી એ સવારના વૃત્તાંતના ગુણગાન કરતા કહે છે કે તે નિર્ણાયક ઘટના હતી, જેણે તેમની સાધનાને વેગ પ્રદાન કર્યો અને પરમ આત્મા સાથે એકાકાર થવાની તેમના જીવનની ખોજને તેની પૂર્ણતા સુધી પહોંચાડી.*

***

## *ચિત્‌શક્તિ વિલાસ, પ્રકરણ ૧૦*

૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ — કોણ જાણે એ કેવો શુભ દિવસ હતો! કેટલો અમૃતભર્યો હતો! કેટલો દિવ્ય! કેવાં પુણ્ય અને કયા મહાભાગ્યને લઈને આવ્યો હતો! મારા જીવનનો સુદિન! આયુષ્યનો મંગલમય દિન! ઘણા સમયમાં, ઘણા જન્મોમાં એ જ એક દિવસ હતો. એ પરમ પુનિત, હા, એ ‘मंगलानां च मंगलम्’ દિન ઉદિત થઈ ગયો.

સૂર્ય ઉદય થઈને કિંચિત્ ઉપર આવ્યો હતો. વાતાવરણ શાંત હતું. પૂર્વ ખૂણામાં હું શ્રીગુરુચિંતનમાં ઊભો હતો. અંદર ધ્યાનકક્ષમાં શ્રીગુરુદેવ પોતાના સ્વસ્વરૂપ ધ્યાનમાંથી ઊઠવાની પૂર્વતૈયારીસૂચક હુંકાર કરતા હતા. થોડીવારમાં ગુરુદેવ બહાર આવી ગયા. આજે તો કંઈક નવું જ રૂપ હતું. ક્યારેય આવું રૂપ જોયું નહોતું.

મેં જોયું કે તેઓ એક સુંદર પાદુકાઓની જોડી પગમાં પહેરી રહ્યા છે. તેઓ આગળપાછળ જતા. સ્મિત કરતા. એકવાર પેલા ખૂણામાં જતા અને કંઈકને કંઈક ગુહ્ય મંત્રોને ગાતા. મારી સામે આવીને ફરી સ્મિત કરતા. ગીત ગાતા. તેમણે એક સફેદ શાલ ઓઢી હતી. નીચે માત્ર એક લંગોટી અને પગમાં પાદુકાઓ હતી. તેઓ વારંવાર મારી સામે ઊભા રહીને જોરથી ‘હં’ શબ્દ કરતા. આમ જ એક કલાક વીતી ગયો.

તદનંતર ગુરુદેવ પાસે આવી ગયા. તેમણે મારાં અંગો સાથે પોતાનાં અંગ અડાડી દીધાં. મારું શરીર એક નવા આશ્ચર્યને પામીને સ્તબ્ધ થઈ ગયું. સામે પશ્ચિમની તરફ મુખ કરીને હું ઊભો હતો. મારા શરીરથી અડીને પૂર્વની તરફ મુખ કરીને ગુરુદેવ ઊભા હતા. હું નેત્ર ખોલીને જોવા લાગ્યો. જોયું કે ગુરુદેવના શાંભવી મુદ્રામાં પૂર્ણ ખૂલેલાં નેત્ર મારાં નેત્રોમાં એકાકાર થઈ ગયાં હતાં. મારું શરીર શૂન્ય થઈ ગયું. આંખો બંધ ન કરી શક્યો, કારણકે તેમને

ખોલવાની કે મીંચવાની સ્વતંત્ર શક્તિ મારામાં નહોતી. ગુરુદેવની આંખોના દિવ્ય તેજથી મારી આંખો પૂર્ણ સ્થિર થઈ ગઈ. આવું થોડા કાળ સુધી રહ્યું.

ફરી 'હં' રૂપમાં ગુરુદેવનો દિવ્ય નાદ સાંભળ્યો. ગુરુદેવ બે ફૂટ પાછળ હટી ગયા હતા. હું થોડો હોશમાં આવ્યો. "આ લે, તું આ ખડાઉ પહેર," તેમણે આમ કહીને પૂછ્યું, "મારા આ ખડાઉ પહેરીશ?" મેં આશ્ચર્ય, આદર અને ધૈર્યથી કહ્યું, "ગુરુદેવ! આ ખડાઉ મારા પગમાં પહેરવા માટે નથી. બાબાજી! આ તો મારા જીવનમાં પૂજવા યોગ્ય છે. જો આપ કૃપા કરો તો હું મારો ખોળો પાથરું છું, આપ તેને આપના જ ચરણોથી એમાં મૂકી દો."

પૂજ્ય ગુરુદેવે વાત માની લીધી. 'હં' 'હં' ધ્વનિ કરીને પહેલાં પોતાનો ડાબો પગ ખડાઉસહિત ઉપર ઉઠાવ્યો અને મારા ફેલાયેલા ખોળામાં ખડાઉ મૂકી દીધી. તદનંતર પ્રથમ પગ નીચે મૂકીને, બીજો જમણો પગ ઉઠાવીને બીજી ખડાઉ મૂકી દીધી. તેઓ સીધા મારી સામે ઊભા રહી ગયા. મારી આંખોમાં ફરી એકવાર દષ્ટિપાત કર્યો. મેં ખૂબ સાવધાનીથી જોયું. તેમની આંખોના મધ્યબિંદુમાંથી જ્યોતિકિરણ મારી અંદર પ્રવેશ કરી રહ્યું હતું. એ કિરણ ઉષ્ણ તેજયુક્ત દઝાડતા તાપની જેમ મને સ્પર્શી રહ્યું હતું. એનો પ્રકાશ કોઈ મોટા 'બલ્બ'ના પ્રકાશની જેમ આંખોને આંજી દેનાર હતો. જ્યારે ભગવાન નિત્યાનંદના ચક્ષુના મધ્યબિંદુમાંથી જ્યોતિકિરણ બહાર પ્રસરિત થઈને મારી આંખોમાં પ્રવિષ્ટ થઈ રહ્યું હતું ત્યારે હું આશ્ચર્ય, વિસ્મય, આનંદ અને ભયથી રોમાંચિત થઈ ઊઠ્યો.

એ કિરણના રંગને જોતો રહીને, હું ભગવાનનો આપેલ મંત્ર 'ગુરુ ૐ' જપી રહ્યો હતો. કિરણ અખંડ હતું. તેમાં દિવ્ય ચમક હતી. ક્યારેક તેનો રંગ અગ્નિથી તપ્ત સુવર્ણકાંતિ જેવો હતો, ક્યારેક કેસર જેવો, તો ક્યારેક ચમકતા નક્ષત્રથી વધારે તેજયુક્ત ઘેરા નીલા રંગનો હતો. એ તેજોમય કિરણોને મારી અંદર પ્રવેશતાં જોઈને હું સ્તબ્ધ, સ્થિર થઈ ગયો. શરીર પૂરું જડ થઈ ગયું. પછી શ્રીગુરુદેવ થોડા હાલ્યા અને તેમણે ફરીથી હુંકાર ઘોષ કર્યો. ત્યારે મારી જડતા થોડી ઓછી થઈ અને હું હોશમાં આવ્યો. મેં ખોળામાં લીધેલી એ પાદુકાઓ પર માથું નમાવ્યું. તદનંતર સૂઈને સાષ્ટાંગ પ્રણામ કર્યા. પ્રણામ કરીને પરમાનંદથી ઉલ્લસિત થઈને ઊઠ્યો.

ગુરુદેવ હૉલના પશ્ચિમમાં ગયા અને થોડાં ફૂલ લાવ્યા, સાથેસાથે બે કેળાં, બે-ત્રણ અગરબત્તી અને કુમકુમનું એક પડીકું પણ લાવ્યા. તેમણે એ બધું પાદુકા પર ચડાવ્યું. હું 'ૐ ૐ ગુરુ ૐ' રટવા લાગ્યો.

શ્રીગુરુદેવે બોલવાનું શરૂ કર્યું, "બધા મંત્ર એક. બધા ૐ. 'ૐ નમઃ શિવાય ૐ' 'શિવોડહમ્' થવું જોઈએ. 'શિવ, શિવ'—'શિવોડહમ્' થવું જોઈએ. અંતરંગમાં થવું જોઈએ. બહિરંગથી અંતરંગ શ્રેષ્ઠ રે!" બાબાજી 'હં' કહીને અંદર ગયા.

ભગવાન અંદરથી બહાર આવ્યા. હાથમાં એક નીલ રંગની શાલ હતી. એને તેમણે મારાં અંગો પર નાખી દીધી, પછી ઘણા વેગથી રસોઈઘરની તરફ ગયા. ત્યાં કાચાં કેળાંનાં ભજીયાં બનાવ્યાં હતાં. એમાંથી ભગવાને બંને હાથ ભરીને ભજીયાં લાવીને એ ઝોળીમાં નાખ્યાં જેમાં ગુરુપાદુકાઓ હતી. અંતે તેમણે પોતાની આનંદમય મુખમુદ્રાથી 'હં' કહીને જવાનો ઇશારો કરી દીધો.

બહાર આવીને હું પાદુકાઓને વારંવાર માથે લગાવતો રહ્યો. ભજીયાં એક એક કરીને ખાતો. ફૂલોને સૂંઘતો રહેતો. શાલનું મુલાયમપણું, સુંદરતા, મહાનતા જોઈ જોઈને હર્ષિત થઈ જતો. હું મારા ભાગ્યને ધન્યવાદ આપતાં આપતાં, પરશિવની અહોકૃપાની પ્રશંસા કરતાં કરતાં, ધીમેધીમે મારા સ્થાન તરફ જવા લાગ્યો. જતાં જતાં ગુરુભાવ અને ગુરુભક્તિ ફરી ઉદિત થવા લાગી. ભાવનાના વેગથી ગુરુભાવ વધતો ગયો.

મસ્તક પર શ્રીગુરુદેવની પાદુકાઓ હતી. રસ્તામાં ગાંધીપાડાથી આગળ જતાં, જ્યાં નાનકડો પુલ એટલે કે નાળું આવે છે, જ્યાંથી વર્તમાન 'શ્રી ગુરુદેવ આશ્રમ'ની સીમા શરૂ થાય છે, જ્યાં એ નાનકડા પુલને અડીને એક ઔદુંબરનું વૃક્ષ છે, ત્યાં પહોંચતાં જ દિવ્ય ગુરુભાવ બ્રહ્મભાવમાં બદલાઈ ગયો. અંદરબહારના જગતમાં ભિન્નભિન્ન ભેદ કરીને 'એકમાં અનેક' દેખાડનારી ભેદવૃત્તિને છોડીને ક્ષણભર માટે 'અનેકમાં એક' ભાવની અનુભૂતિ થઈ. 'ગુરુ ૐ' 'ગુરુ ૐ' જપતાં જપતાં, અંદર ગુરુ, બહાર ગુરુ કહેતાં કહેતાં, વેદાંતનો બ્રહ્મસિદ્ધાંત જે પહેલાં અલગ અલગ આચાર્યો પાસેથી શીખ્યો હતો, ફરીથી સ્ફુરવા લાગ્યો.

કિંચિત્ વરુણદેવની પણ કૃપા થઈ. મંદમંદ વર્ષાનાં ઝીણાં ટીપાં ધીમેથી પડવા લાગ્યાં. શીતળ વાયુ શાંતિથી વહેવા લાગ્યો. હું મારી આંખો બંધ કરતો અને ખોલતો હતો. અંદરથી એક અનંત જ્યોતિઓનો કિરણપુંજ ઝગમગ ઝગમગ કરવા લાગ્યો અને કોણ જાણે કેટલા કરોડોની સંખ્યામાં સ્ફુરનારી નાની નાની ચિનગારીઓ ઝગમગાટ કરતી મારી બંધ આંખોને દેખાવા લાગી. હું જોતો જ રહ્યો. કેવું સુંદર દશ્ય હતું! અતિ સૂક્ષ્મ ચિનગારીઓ ઝળહળ ઝળહળ કરતી ચમકી રહી હતી. એ મારી અંદર સર્વાંગમાં દેખાતી હતી. એની ગતિ વિસ્મયજનક હતી. એનો આટલો વેગ અને સંખ્યા જોતાં જોતાં હું આનંદ અને આશ્ચર્યથી ભરાઈ ગયો.

હું આંખો ખોલીને બહાર જોવા લાગ્યો. બહાર પણ એ જ અનંત સ્ફુલિંગયુક્ત, ચમચમ કરતી ચમકતી, અણુથી પણ અણુ, નીલી ચિનગારીઓની ઝગમગતી ઘણી બધી પંક્તિઓ જોઈ. જોતાં જોતાં ઘણો મસ્ત, ભાવયુક્ત અને આશ્ચર્યચકિત થઈ ગયો. એક નવું અનોખું દશ્ય ચિત્રપટમાં નહીં, પરંતુ મારી ચારેતરફ જોઈ રહ્યો હતો. હું ધીમીધીમી ગતિથી ચાલી રહ્યો હતો. મને ખબર ન હતી કે હું રસ્તા પર ચાલી રહ્યો છું કે રસ્તો મારી પાછળપાછળ આવી રહ્યો છે. ગાંવદેવી મંદિરની સમીપ પહોંચીને ઊભો રહ્યો. ગણેશપુરીની દિશામાં મુખ સહજ જ ફરી ગયું. યાદ આવી પ્રિય ગુરુદેવની. ફરી મનોમન નમસ્કાર કર્યા. રસ્તાને કિનારે કિનારે આગળ વધ્યો.

વરુણના કૃપારૂપ નાના નાના છાંટાઓ હજી પણ વરસી રહ્યા હતા. એ ધીમા વરસાદની મૃદુલ ઝડી નીલ રંગનાં નાનાં ચમચમ કરતાં કિરણો સાથે મળીને અદ્‌ભુત લાગી રહી હતી. હું હૃદયમાં સર્વાત્મભાવરૂપ શ્રીગુરુસ્મરણ કરતો રહીને, માથા પર શ્રીગુરુચરણપાદુકાઓ લઈને ધીરેધીરે ચાલી રહ્યો હતો. હજી પણ મને એ એકાકાર અનુભૂતિની પૂર્ણ સ્મૃતિ છે. એ ઝીણાંઝીણાં નીલબિંદુઓ અત્યારે પણ દેખાઈ રહ્યાં છે.

ચાલતાંચાલતાં વજેશ્વરી મંદિર જઈ પહોંચ્યો. માતાજીના મંદિરની પાછળ એક નાનું દત્તમંદિર છે. હું કાયમ ત્યાં રહેતો હતો. એ દત્તમંદિરમાં હું ગુરુપાદુકાઓની પૂજા અને થોડું ધ્યાન કરવા લાગ્યો.

કેટલા મહિમાની વાત હતી!

કેટલો મહાન સુમંગલ દિન, પુણ્ય સમય હતો એ!
મારો તાપ મટ્યો, પાપ કપાયાં, જન્મમરણ ઘટ્યાં. અવિદ્યાનો પડદો હટ્યો.

આ રીતે, તેમણે મને દિવ્ય દીક્ષા આપી.

---

સ્વામી મુક્તાનંદ દ્વારા લિખિત *ચિત્‌શક્તિ વિલાસ : એક આધ્યાત્મિક આત્મકથા,* પ્રકરણ ૧૦ ‘દિવ્ય દીક્ષા’માંથી ઉદ્ધરિત અને રૂપાંતરિત અંશ, (ચિત્‌શક્તિ પબ્લિકેશન્સ, ચેન્નઈ, ૨૦૧૩), પૃષ્ઠ ૬૯-૭૭.

ડિઝાઇન પ્રારૂપ રચના : મેઝી મૅક્ક્રૈડી

© ૨૦૦૦, ૨૦૨૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.
કૃપયા કૉપી, પોસ્ટ કે વિતરણ કરવું નહીં.